જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૪/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૮૩/૧૭**

**ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-**

ચાંદખેડા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૩૧૧૨/૧૭ જુગાર ધારા કલમ ૪.૫ મુજબ તા.૧૪/૪/૨૦૧૭ મુજબના કામે અમો તથા પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા તથા તેમના સ્ટાફના માણસો તથા શ્રીમતી અર્પીતા પટેલ મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવીજન અમદાવાદ શહેર સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૨/૧૦ વાગે સરીતા ગ્રીન પાર્ટીપ્લોટ આવતા અમોને અમારા અંગત બાતમીદારથી બાતમી મળેલ કે આજરોજ રાજકોટ ખાતે ગુજરાત લાયન્સ અને રાયજીંગ પુણે સુપર જાયન્ટ વચ્ચે આઇ.પી.એલ. ક્રિકેટ મેચ રમાતી હોય જેમાં આગમન હાઇટ્સ નામની સ્કિમના મકાન નં. એ/૪૦૧, ટીપી-૪૪ ચાંદખેડા ખાતે ત્યાં રાજુભાઇ પટેલ નામનો ઇસમ તેમના મળતીયા માણસો સાથે પોતાના આર્થીક ફાયદા સારુ આઇ.પી.એલ. ક્રિકેટ મેચ ઉપર ફોનમાં હારજીતનો જુગાર રમી રમાડે છે. જે આધારે બે પંચોને બોલાવી મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એલ" ડિવીજન નાઓ સાથે ઉપરોક્ત ફ્લેટમાં ચોથા માળે આવેલ મકાન નં. એ/૪૦૧ માં ત્રણ આરોપીઓ મુખ્ય સુત્રધાર (૧) રાજુભાઇ ચતુરભાઇ પટેલ ઉ.વ.૪૪ રહે. એ/૪૦૧, આગમન હાઇટ્સ ટીપી-૪૪ ચાંદખેડા અમદાવાદ શહેર (૨) યોગેશકુમાર મફતલાલ પટેલ ઉ.વ. ૪૨ રહે. નાનો ચોરો, પ્રજાપતીવાસ, ગામ ઝુંડાલ, તા.જી.ગાંધીનગર (૩) પંકજભાઇ અંબાલાલ પટેલ ઉ.વ.૪૦ રહે. સ્વામિનારાયણ મંદિરની બાજુમાં ઝુંડાલ ગામ તા.જી.ગાંધીનગર નાઓ તમામ પાસેથી મોબાઇલ નંગ-૬ કિં.રૂ.૩૨,૫૦૦/- તથા આરોપી નં.(૨)યોગેશકુમાર મફતલાલ પટેલ પાસેથી એક્ટિવા-૧ GJ-18-CL-7121 કિં.રૂ.૩૦,૦૦૦/-, સોની એલ.સી.ડી. ટીવી નંગ-૧ કિં.રૂ.૩૫,૦૦૦/-, નોટબુક નંગ-૧, બોલપેન નંગ-૧, તથા રોકડ રૂપિયા ૨,૬૬૦/- કુલ કિંમત રૂ.૧,૦૦,૧૬૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે. અને તમામ આરોપીઓને તા.૧૪/૪/૨૦૧૭ કલાક ૨૨/૨૦ વાગે પકડી તેઓ પાસેથી ઉપરોક્ત જુગારના સાધનો તપાસ અર્થે કબજે કરેલ છે અને તેઓ પોતાના આર્થીક ફાયદા સારુ આઇ.પી.એલ. ક્રિકેટ સટ્ટો રમતા પકડાયેલ છે. તા.૧૪/૪/૨૦૧૭.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)